SC.No.45/2023

**સેશન્સ કેસ નંબરઃ– ૪૫/૨૦૨૩**
**આંક –૭૬**

| સેશન્સ કેસ નંબરઃ– ૪૫/૨૦૨૩ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 4 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | મનોજકુમાર ચંપકલાલ ઠાકોર | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9898451789 |
| ઉંમર આશરે | ૪૨ | વરસની | ધંધો | ખાનગી નોકરી |
| રહેવાનુ | લાલચાલી ડીસા તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી |

(૧) હું લાલ ચાલી ડીસા કુંવારા સર્કલ પાસે રહુ છું. મારે એક દિકરી અને એક દીકરો છે, જેમાં મોટી દીકરી જાનવી છે અને નાનો દિકરો યુવરાજ છે.

(૨) તા.૧૬/૨/૨૩ના રોજ બનાવ બનેલો. બનાવ આશરે રાત્રીના નવેક વાગે બનેલો. તે વખતે હું મારા ઘર પાસે લાલ ચાલી કુંવારા સર્કલ પાસે હતો. તે દિવસે મુકેશ પુખરાજભાઈ સોનીનો ફોન આવેલો અને જણાવેલ કે, તમારો ભત્રીજો યશ મને ગાળો બોલે છે એટલે તમે બંશી કાઠીયાવાડી હોટલ પાસે આવો. તેથી હું તથા મારો ભત્રીજો યશ તથા ભાણીયો ભાર્ગવ,અંકિત ઉર્ફે માયકલ અમો ચારેય જણા બાઈક અને એકટીવા ઉપર ગયેલા. જેમાં બાઈક ઉપર હું અને માયકલ બંન્નો જણા બેઠેલા અને એકટીવા ઉપર ભાણીયો ભાર્ગવ તથા ભત્રીજો યશ બંન્ને જણા બેઠેલા. ત્યાં આગળ અમો મુકેશને મળેલા અને સમજાવેલા. ગાળો નહી બોલીએ તે રીતે સમાધાન કરેલું. ત્યાં અમો હોટલની બહાર આવેલા અને મુકેશ ત્યાંથી જતો રહેલો અને ત્યારબાદ અમો ત્યાંથી નીકળીને ઘર બાજુ આવતા હતા તે દરમિયાન સીવીલ હોસ્પિટલ બાજુમાં નેમીનાથ સોસાયટીના નાકા ઉપર અમોને મુકેશ સોની તથા રાહુલ બળવંતજી ઠાકોરે રોકેલા. તેઓને હાથમાં હથિયારો હતા

સાહેદની સહી ........................

જેમાં મુકેશ સોનીના હાથમાં ધારીયુ અને રાહુલ બળવંતજી ઠાકોરના હાથમાં કુહાડી હતી. તે સમયે આ બંન્ને જણાએ ખરાબ ખરાબ ગાળો બોલેલી. તે જગ્યાએ આ બંન્ને સિવાય બીજા બે વ્યકિતઓ હતા. તેઓના નામ ભુપેન્દ્ર ઓમ પ્રકાશ સોની, રાહુલ નાગજીભાઈ ઠાકોર હતા. જેમાં એકના હાથમાં તલવાર તથા બીજાના હાથમાં લાકડામાં ફીટ કરેલુ ધારીયા જેવુ હતું. આ લોકોને અમોએ સમજાવેલા પરંતુ તેઓ માનેલા નહી. જેમાંથી મુકેશ સોનીએ માયકલને માથામાં ધારીયુ મારેલુ. તે સમયે હું છોડવા જતા મને પણ રાહુલ ઠાકોરે માથાના ભાગે કુહાડી મારેલી. આ લોકો અમને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા હતા તેથી ત્યાંથી મારો ભત્રીજો તથા ભાણીયો બંન્ને જણા ડરીને ભાગી ગયેલા. આ લોકોએ ચારેય જણાઓએ આડેધડ માર મારેલો. તે સમયે મને પીઠના ભાગે આ બધાએ તલવાર મારેલી. તેથી અમો ત્યાં પડી ગયેલા. આ લોકો ત્યાંથી ભાગી ગયેલા. ત્યારબાદ અમોને ભણસાલી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા. માયકલને વધારે તકલીફ હોવાથી ત્યાંથી તેને બીજી નીમ્સ હોસ્પિટલમાં લઈ ગયેલા. ત્યાં આગળ સારવાર દરમિયાન અંકીત ઉર્ફે માયકલનું મૃત્યુ થયેલું. તે સમયે હું હોસ્પિટલમાં હતો. ત્યારબાદ મે આરોપીઓ વિરૂધ્ધ બનાવ સબંધે પોલીસ ઈન્સપેકટર ડીસા સરકારી હોસ્પિટલમાં આવેલા હોય તેમને મારી ફરીયાદ આપેલી. બનાવ બાદ દશ દિવસ બાદ પોલીસે મારુ નિવેદન લીધેલું. આરોપીઓ આજરોજ નામ.કોર્ટમાં હાજર છે, તેઓને હું ઓળખુ છું.

મને માર્ક:૧૦/૩ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે, જે ઓળખી બતાવુ છું, જેને રજુ દાખલ **આંક:૭૭** આપવામાં આવે છે.

મને બનાવ સબંધે આરોપીઓના હાથમાં હથિયારો હતા, તે બતાવવામાં આવે તો ઓળખી શકું.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ આર્ટીકલ નં.૧૦ (માર્ક:સી)વાળી કુહાડી

સાહેદની સહી ........................

બતાવવામાં આવે છે, તે જોઈને કહુ છુ કે આ કુહાડી રાહુલભાઈ ઠાકોરના હાથમાં હતી તે તેજ છે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ માર્ક:સી–૧વાળું ધારીયા જેવું હથિયાર બતાવવામાં આવે છે, તે જોઈને કહુ છુ કે આ ધારીયા જેવુ હથિયાર જે ભુપેન્દ્ર સોનીના હાથમાં હતું તે તેજ છે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ માર્ક:કે વાળુ એક સફેદ કલરની સીલબંધ સફેદ કલરની બેગીમાંથી ખોલી મને બતાવવામાં આવે છે, તેમાંથી નીકળેલ ધારીયુ જોઈને કહુ છુ કે આ ધારીયુ જે મુકેશ સોનીના હાથમાં હતું તે તેજ છે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ માર્ક:જે વાળી એક સફેદ કલરની સીલબંધ સફેદ કલરની બેગીમાંથી ખોલી મને બતાવવામાં આવે છે, તેમાંથી નીકળેલ તલવાર જોઈને કહુ છુ કે આ તલવાર જે રાહુલ નાગજીભાઈ ઠાકોરના હાથમાં હતી, તે તેજ છે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ આર્ટીકલ નં.૨૩ (માર્ક:આઈ) વાળી એક સફેદ કલરની સીલબંધ સફેદ કલરની બેગીમાંથી ખોલી મને બતાવવામાં આવે છે, તેમાંથી નીકળેલ તલવાર જોઈને કહુ છુ કે આ તલવાર કોના હાથમાં હતી, તે મને અત્યારે યાદ નથી.

(૩) હું ભણશાલી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતો તે દરયિમાન પોલીસે મારા કપડા કબજે કરેલા. જે કપડા મને બતાવવામાં આવે તો હું ઓળખી શકું.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ માર્ક:ડી વાળી એક સફેદ કલરની સીલબંધ સફેદ કલરની બેગીમાંથી ખોલી મને બતાવવામાં આવે છે, તેમાંથી નીકળેલ એક આંખી બાંયનું શર્ટ જે સફેદ આછા લાલ તથા આખા રાખોડી કલરનું આડાપટી ડીઝાઈવાળું શર્ટ તે જોઈને કહુ છુ કે આ શર્ટ મે પોલીસને આપેલ હતુ,આ શર્ટ મે બનાવ સમયે પહેરેલું હતું, તે તેજ છે.

સાહેદની સહી ........................

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ માર્ક:ડી–૧ વાળી એક સફેદ કલરની સીલબંધ સફેદ કલરની બેગીમાંથી ખોલી મને બતાવવામાં આવે છે, તેમાંથી નીકળેલ એક પેન્ટ આછા ઘાટા વાદળી કલરનું કોર્ટનનું પેન્ટ આગળ તથા પાછળના ભાગે બે બે ખિસ્સા આવેલા છે,તે જોઈને કહુ છુ કે આ પેન્ટ મે પોલીસને આપેલ હતુ,આ પેન્ટ મે બનાવ સમયે પહેરેલું હતું, તે તેજ છે.

**સરતપાસ પુરી.**

**<u>આરોપીનં.૧ તર્ફે વિ.વ.શ્રી.બી.બી.મૈઢ..</u>**

(૪) એ વાત ખરી છે કે હું ડીસાનો સ્થાનિક રહેવાસી છુ અને રસ્તાઓથી પરીચીત છું. એ વાત ખરી છે કે બંશી કાઠીયાવાડી અને ફુડ એન્ડ બાઈટ આ બંન્ને અલગ–અલગ હોટલો છે. એ વાત ખરી છે કે ડીસામાં તમામ હોટલોમાં હોટલની અંદરની બાજુ અને બહારની બાજુ સી.સી.ટી.વી. કેમેરા આવેલા છે. એ વાત ખરી છે કે હાઈવે ઉપર થી ડીસા શહેરમાં આવવુ હોય તો બગીચા સર્કલથી કુવારા સર્કલ અવાય. એ વાત ખરી છે કે બગીચા સર્કલથી કુવારા સર્કલનો આખો રસ્તો ફોરલેન છે વચ્ચે ડીવાઈડર છે અને ડીવાઈડર ઉપર લોખંડની જાળી અને તેમાં વૃક્ષો વાવેલા છે. એ વાત ખરી છે કે બગીચા સર્કલથી કુવારા સર્કલ જતા ડાબી સાઈડમાં ડીસા નગરપાલીકાની કચેરી તથા તેનાથી આગળ જજ સાહેબનો બંગલો આવેલ છે. એ વાત ખરી છે કે સીવીલ હોસ્પિટલ જવાનો રસ્તો એ આ રસ્તાની સામેની સાઈડે આવેલ છે. એ વાત ખરી છે કે તે રસ્તેથી આગળ કુવારા તરફ આવતા બનાસ બેન્ક આવેલ છે અને બનાસ બેંકની સામે મુખ્ય ફોરલેનવાળો રસ્તો પુરો થયા પછી નેમીનાથ સોસાયટીનો રસ્તો આવે છે.આ ફોરલેન રસ્તા આગળ જતા સ્ટેટ બેંક અને પછી કુવારા સર્કલ આવે. એ વાત ખરી છે કે બંશી કાઠીયાવાડી અને ફુડ એન્ડ બાઈટ બંન્ને હોટલોમાં અંદર બહાર સી.સી.ટી.વી. કેમેરા લાગેલ છે. એ વાતની મને ખબર નથી કે બગીચા સર્કલ અને સાંઈબાબા મંદિર આગળ તથા નગરપાલીકાની કચેરી આગળ સી.સી.ટી.વી. કેમેરા લગાવેલ છે કેમ? એ વાતની મને ખબર નથી કે સાંઈબાબા મંદિર

સાહેદની સહી ........................

પાસે ચારેય રસ્તાઓ કવર થાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરાઓ લગાવેલા છે.

(૫) એ વાત ખરી છે કે મારા પત્ની અંકુર હોસ્પિટલમાં નોકરી કરે છે. એ વાત ખરી છે કે અંકુર હોસ્પિટલમાં કવોર્ટર ફાળવવામાં આવેલ છે. એ વાત ખરી છે કે હું, મારા સંતાનો અને મારી પત્ની અંકુર હોસ્પિટલના સ્ટાફ કવોર્ટરમાં રહીએ છીએ. અંકુર હોસ્પિટલએ સીંધી કોલોની વિસ્તારમાં પોસ્ટ ઓફિસની બાજુમાં આવેલી છે. એ વાત ખરી છે કે અંકુર હોસ્પિટલના સ્ટાફ કવોર્ટસ અને કુવારા સર્કલની વચ્ચે પોણા થી એક કિ.મી. જેટલુ અંતર છે.

**સવાલ:** કુવારા સર્કલ અને લાલ ચાલી એ બંન્ને અલગ–અલગ વિસ્તાર છે?

**જવાબ:** જે જગ્યાએ કુવારા સર્કલ છે તેની સામેની બાજુએ લાલ ચાલી છે.

એ વાત ખરી છે કે અમો લોકો બગીચા સર્કલથી કુવારા સર્કલ તરફ આવતા હતા તે ત્યારે રોડની ડાબી સાઈડે આવતા હતા. એ વાત ખરી નથી કે બગીચા સર્કલ થી કુવારા સર્કલ આવતા રોડની ડાબી તરફ સીવીલ હોસ્પિટલ કે નેમીનાથ સોસાયટી આવતી નથી. એ વાત ખરી નથી કે, મે મારી સરતપાસમાં '' ત્યારબાદ અમો ત્યાંથી નીકળીને ઘર બાજુ આવતા હતા તે દરમિયાન સીવીલ હોસ્પિટલ બાજુમાં નેમીનાથ સોસાયટીના નાકા ઉપર અમોને મુકેશ સોની તથા રાહુલ બળવંતજી ઠાકોરે રોકેલા. તેઓને હાથમાં હથિયારો હતા જેમાં મુકેશ સોનીના હાથમાં ધારીયુ અને રાહુલ બળવંતજી ઠાકોરના હાથમાં કુહાડી હતી. તે સમયે આ બંન્ને જણાએ ખરાબ ખરાબ ગાળો બોલેલી. તે જગ્યાએ આ બંન્ને સિવાય બીજા બે વ્યકિતઓ હતા. તેઓના નામ ભુપેન્દ્દ ઓમ પ્રકાશ સોની, રાહુલ નાગજીભાઈ ઠાકોર હતા. જેમાં એકના હાથમાં તલવાર તથા બીજાના હાથમાં લાકડામાં ફીટ કરેલુ ધારીયા જેવુ હતું. આ લોકોને અમોએ સમજાવેલા પરંતુ તેઓ માનેલા નહી. જેમાંથી મુકેશ સોનીએ માયકલને માથામાં ધારીયુ મારેલુ. તે સમયે હું છોડવા જતા મને પણ રાહુલ ઠાકોરે માથાના ભાગે કુહાડી મારેલી. આ લોકો અમને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા હતા તેથી ત્યાંથી મારો ભત્રીજો તથા ભાણીયો બંન્ને જણા ડરીને ભાગી ગયેલા. આ લોકોએ ચારેય જણાઓએ આડેધડ માર મારેલો. તે સમયે મને પીઠના ભાગે આ

સાહેદની સહી ........................

બધાએ તલવાર મારેલી. તેથી અમો ત્યાં પડી ગયેલા. '' તેવું બનેલ ન હોવા છતા સરતપાસમાં ખોટી હકીકત જણાવેલ છે. એ વાત ખરી નથી કે બગીચા સર્કલથી કુવારા સર્કલ તરફ જતા રસ્તા ઉપર મે મારી સરતપાસ જણાવેલ છે તેવો કોઈ બનાવ બનેલ નથી.

(૬) એ વાત ખરી છે કે સીવીલ હોસ્પિટલમાં જવાનો મુખ્ય દરવાજો તથા નેમીનાથ સોસાયટીમાં જવાનો રસ્તો તથા કુવારા સર્કલ આ ત્રણેય અલગ-અલગ વિસ્તાર છે. એ વાત ખરી નથી કે મે સરતપાસમાં બતાવેલ તેવો કોઈ બનાવ બનેલ નથી.

(૭) એ વાત ખરી નથી કે મે મારી સરતપાસમાં ઓળખી બતાવેલ હથિયારો તથા આપેલ આરોપીઓના નામ તેઓને ઓળતખો ન હોવા છતાં ખોટી રીતે આપેલ છે.

(૮) ધારીયુ,તલવાર અને છરો એ ત્રણેય અલગ-અલગ પ્રકારના હથિયારો છે. વાંશી એ ધારીયા જેવુ લાકડાના હાથામાં ફીટ કરેલુ હોય છે. એ વાત ખરી નથી કે ધારીયુ પણ લાકડાના કે લોખંડના હાથામાં હોય છે. ધારીયુ અને વાસી મારા કથન પ્રમાણે આગળથી થોડુ વળેલુ હોય. એ વાત ખરી નથી કે મુકેશ સોનીના હાથમાં હોવાની અને તેણે અંકિતને માર્યાની હકીકત મે ખોટી જણાવેલ છે. એ વાત ખરી નથી કે મુદામાલમાં મને બતાવેલ હથિયાર ધારીયુ ન હોવા છતા મારી ફરીયાદમાં ખોટી રીતે ધારીયુ લખાવેલ હોય તેને ખોટી રીતે ઓળખી બતાવેલ છે. એ વાત ખરી નથી કે આરોપી મુકેશ સાથે મારે મારા મોબાઈલ પ્રકારની વાત થયેલ ન હોવા છતા મુકેશે મારા મોબાઈલ પર વાત કરેલા હકીકત મે ખોટી ઉપજાવી કાઢેલ છે તથા હું લાલ ચાલીમાં રહેતો ન હોવા છતા લાલ ચાલીમાં રહુ છુ તેવી હકીકત પણ ખોટી જણાવેલ છે.

(૯) એ વાત ખરી નથી કે મે ફરીયાદમાં જણાવેલ તેવો કોઈ બનાવ બનેલ ન હોવા છતા મારા ભત્રીજા યશ અને મુકેશને બનેલ અણબનાવના કારણે રાત્રીના સમયે અજાણ્યા ઈસમો ધ્વારા બનેલ બનાવમાં હાલના આરોપીઓએ કરેલ છે તેવી ખોટી હકીકત ઉભી કરી, ખોટી ફરીયાદ આપી ખોટી જુબાની આપુ છું.

**વિશેષ ઉલટતપાસ નથી,**

**આરોપીનં.ર,૩ તર્ફે વિ.વ.શ્રી..ડી.જે.તિવારી.**

(૧૦) એ વાત ખરી છે કે હું ડીસા શહેર હિન્દુ યુવા સંગઠનનો પ્રમુખ છું. એ વાત ખરી

સાહેદની સહી ........................

છે કે મારા હિન્દુ યુવા સંગઠનમાં મારી સાથે ઘણા બધા યુવાનો જોડાયેલા છે. એ વાત ખરી છે કે મારે મારા હિન્દુ યુવા સંગઠનના કારણે પોલીસ સાથે સંકળાયેલા રહેવુ પડે છે. એ વાત ખરી નથી કે પોલીસ સ્ટેશનની કોઈ કામગીરી હોય અથવા કોઈ પંચનામામાં પંચ તરીકે રહેવાનું હોય ત્યારે પોલીસ મને પો.સ્ટે. બોલાવે છે. એ વાત ખરી છે કે તે સિવાય શાંતિ સમીતીની બેઠક હોય એ સમયે પણ પોલીસ મને બોલાવે છે. એ વાત ખરી છે કે બનાવના અરસામાં મારે પી.આઈ.વી.એમ. ચૌધરી સાથે સારા સબંધો હતા. એ વાત ખરી નથી કે હું કહેવાતા બનાવના દિવસે રાત્રીના સમયે અંકુર હોસ્પિટલમાં આવેલ મારા ઘરે હાજર હતો. એ વાત ખરી નથી કે રાત્રીના અગિયાર વાગ્યાના અરસામાં યશ તથા અંકિત ઉર્ફે માયકલે મને લાલ ચાલી વિસ્તારમાં બોલાવતા હું લાલ ચાલી વિસ્તારમાં ગયેલ હતો. એ વાત ખરી નથી કે અમો રાત્રીના દશ સાડા દશ વાગ્યાના સુમારે બંશી કાઠીયાવાડી હોટલમાં જવા રવાના થયેલ. એ વાત ખરી નથી કે અમો બંશી કાઠીયાવાડી હોટલમાં એક થી દોઢ કલાક જેટલો સમય રોકાયેલ હતા. એ વાત ખરી નથી કે તે જગ્યાએ જઈ મે તથા માયકલ અને યશે ઝઘડો કરેલ હતો. એ વાત ખરી નથી કે અમોને બંશી કાઠીયાવાડી હોટલના માલીક અને ફુડ એન્ડ બાઈટના માલીકે ત્યાંથી જતા રહેવાનુ કહેલ હતુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમો જાતે જતા રહેલ હતા. એ વાત ખરી નથી કે ત્યાંથી નીકળી હું મારા ઘરે અંકુર હોસ્પિટલમાં ગયેલ હતો. એ વાત ખરી છે કે અમો બંશી કાઠીયાવાડી નીકળેલ તે સમયે હું તથા માયકલ મારા પલ્સર મો.સા. પર બેઠેલ હતા. એ વાત ખરી છે કે ભાર્ગવ અને યશ બંન્ને એકટીવા ઉપર ગયેલ હતા. એ વાત ખરી નથી કે આ ભાર્ગવ અને યશ બંન્ને એકટીવા ઉપર તેમના ઘરે જતા રહેલા. એ વાત ખરી નથી કે હું તથા માયકલ બંન્ને જણા નેમીનાથ જવાના રસ્તા ઉપર અંદરના ભાગે ગયેલા.

**આ તબકકે રીશેષ સમય થયો હોવાથી વધુ ઉલટતપાસ માટે મુલતવી.**

**આ તબકકે રીશેષ સમય પુરો થયો હોવાથી વધુ ઉલટતપાસ આરોપી નં.૨,૩ તર્ફે વિ.વ.શ્રી. ડી.જે.તિવારી...**

**સોગધં આપ્યા...**

(૧૧) એ વાત ખરી છે કે નેમીનાથવાળા રસ્તાના સામેના ભાગેથી એસ.બી.આઈ.

સાહેદની સહી ........................

આશરે ત્રણ સો થી ચાર સો ફુટના અંતરે આવેલ છે. એ વાત ખરી છે કે મને કહેવાતા બનાવ સમયે માથાના પાછળના ભાગે વાગેલ હતું. એ વાત ખરી નથી કે, મને પાછળના ભાગે ઈજા થયેલ હોય તેથી હુ જોઈ શકેલ નહી કે મને કયા હથિયારથી ઈજા થયેલ છે. એ વાત ખરી નથી કે હું બનાવ સ્થળે તાત્કાલીક બેભાન થઈ ગયેલો હતો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હું છોડાવા પડયો અને મને લાગ્યા પછી હું બેભાન થયેલો. મને હોસ્પિટલ લઈ ગયા બાદ આઠ દશ દિવસ પછી ભાન આવેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મને થોડુ ભાન હતું. એ વાત ખરી નથી કે હું કહેવાતા બનાવ બાદ અઠવાડીયા સુધી બોલીચાલી શકુ તેવી પરીસ્થિતીમાં ન હતો. એ વાત ખરી છે કે હું ભાનમાં આવ્યા બાદ ડોકટરને જણાવેલ નહી કે મને કોણે કયા હથિયારથી ઈજા કરેલ છે. એ વાત ખરી છે કે એ વખતે મે ડોકટરને જણાવેલુ કે મને ઝઘડામાં ઈજા થયેલ છે પણ કોની સાથે ઝઘડામાં ઈજા થયેલ છે તેવુ જણાવેલ નહી. એ વાત ખરી નથી કે તે વખતે કહેવાતો બનાવ એસ.બી.આઈ. બેંકની જોડે બનેલ છે તેવી હકીકત ડોકટરશ્રીને જણાવેલ હતી. એ વાત ખરી નથી કે એસ.બી.આઈ.બેંક પાસે બનાવ બનેલ હોવાની હકીકત જણાવેલ હોવા છતા હું જાણી જોઈને ખોટી હકીકત જણાવુ છું.

(૧૨) મે પ્રકાશ ઉર્ફે પકો અમરતભાઈ રાવળનું નામ સાંભળેલુ છે પણ ઓળખતો નથી. એ વાત ખરી છે કે પ્રકાશ રાવળ અમારી લાલ ચાલી વિસ્તારમાં અમારા ઘરની નજીક રહે છે.

**સવાલ:** સને ૨૦૨૧માં તમારે અને પ્રકાશ અમરતભાઈ રાવળ,ભાયલાલ ઉર્ફે દડીયો રાવળ અને શ્રવણ ઉર્ફે સલ્લુ માલાભાઈ રાવળ સાથે અમારે ઝઘડો થયેલો?

**જવાબ:** આ ઝઘડો સોસાયટીનો ઝઘડો હતો, આખી સોસાયટી પોલીસ સ્ટેશન ગયેલ હતી ત્યાં પોલીસ સ્ટેશનમાં મારા નામથી અરજી કરી હતી.

એ વાત ખરી છે કે તે વખતે મે આ ત્રણેય વિરૂધ્ધ એફ.આઈ.આર. નોંધાવેલ હતી. એ વાત ખરી છે કે આ ફરીયાદમાં પ્રકાશ રાવળે મને તલવાર મારેલ હોવાની આક્ષેપો કરેલ હતા. એ વાત ખરી નથી કે ત્યારથી અમારે અને પ્રકાશ રાવળ વચ્ચે મનદુખ ચાલ્યુ આવતુ હતું. એ વાત ખરી નથી કે કહેવાતા બનાવના દિવસે આ લોકો સાથે ઝઘડો થયેલો હતો. એ વાત ખરી નથી કે કહેવાત બનાવના દિવસે આરોપી રાહુલ તેના હાથમાં કુહાડી લઈને આવેલ હોય અને મારેલ હોય તેવુ

સાહેદની સહી ........................

બનેલ નથી તેમ છતા હું સોગંધ પર ખોટી હકીકત જણાવુ છું. એ વાત ખરી નથી કે કહેવાતા બનાવ સમયે આરોપી રાહુલ નાગજીભાઈ ઠાકોર તેના હાથમાં તલવાર લઈને બનાવ સ્થળે આવેલ ન હોવા છતા હું ખોટી હકીકત જણાવુ છું. એ વાત ખરી નથી કે મે મારી સરતપાસમાં જણાવ્યા મુજબનો કોઈ બનાવ બનેલ ન હોવા છતા અમોએ ખોટી હકીકત ઉભી કરી હાલના આરોપી સામે ખોટી ફરીયાદ નોંધાવેલ છે. એ વાત ખરી નથી કે મે આપેલ ફરીયાદને સમર્થન આપવા સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છું.

**વિશેષ ઉલટતપાસ નથી,**

**આરોપીનં.૪,૬તર્ફે વિ.વ.શ્રી..પી.એલ.શર્મા.**

**ઉપરની જુબાની એડોપ કરેલ છે.**

**વિશેષ ઉલટતપાસ નથી,**

**આરોપીનં.૫ તર્ફે વિ.વ.શ્રી..વી.એ.ઘાસુરા..**

**ઉપરની જુબાની એડોપ કરેલ છે.**

**વિશેષ ઉલટતપાસ નથી,**

**આરોપીનં.૭ તર્ફે વિ.વ.શ્રી.એમ.આર.ચૌધરી..**

(૧૩) એ વાત ખરી છે કે લાલ ચાલી તે ઘણો મોટો વિસ્તાર છે. એ વાત ખરી છે કે ફુવારા સર્કલ એ જાહેર જગ્યાએ છે અને ત્યાં સતત લોકોની અવર–જવર રહે છે. એ વાત ખરી નથી કે મારા ભાઈઓ જે લાલ ચાલીમાં રહે છે તેની બાજુમાં અજય કનૈયાલાલ સોની અને રાહુલ ખેમચંદ સોનીના ઘરો આવેલા છે. એ વાતની મને ખબર નથી કે આ બંન્ને માણસો લાલ ચાલીમાં રહે છે કેમ? હું દિગવિજયસિંહ પઢીયારને ઓળખુ છુ તે લાલ ચાલીમાં રહે છે. હું મિલનભાઈ વિષ્ણુભાઈ ઠાકોરને ઓળખુ છુ તે લાલ ચાલીમાં રહે છે. હું આશિષભાઈ પ્રજાપતિને ઓળખુ છુ તે પણ લાલ ચાલીમાં રહે છે. ગોલ્ડન ઉર્ફે મોનાર્ક ઠકકરને હું ઓળખુ છુ અને તે મારા મિત્ર છે. અમે બનાવ વખતે જે ચાર માણસો સામેથી આવેલા અને બે માણસો અમે તે સિવાય બીજા કોઈ માણસો બનાવવાળી જગ્યાએ આવેલા ન હતા. સાહેદ જણાવે છે કે ભાણીયો અને ભત્રીજો બનાવવાળી જગ્યાએથી ડરીને નાશી ગયેલા હતા. એ વાતની મને ખબર નથી મારા

સાહેદની સહી .......................

ઘરનાને બનાવની ખબર પડતા હોસ્પિટલે આવેલા. એવુ કંઈ બનેલુ નહી કે મારા ઘરના હોસ્પિટલે આવેલા અને ત્યાં બનાવ સબંધે મને પુછપરછ કરેલી. મને યશ અને ભાર્ગવ હોસ્પિટલમાં બીજા દિવસે સવારે હું ભાનમાં આવ્યો ત્યારે મને મળેલા. તે વખતે મારી બેન ભાર્ગવની મમ્મી મને હોસ્પિટલે મળેલા ન હતા. એ વાત ખરી છે કે માયકલ ૨૨ કે ૨૩ તારીખે ગુજરી ગયેલ છે તેવુ મને જાણવા મળેલું. એ વાત ખરી નથી કે મુકેશને અજય કનૈયાલાલ સોનીને દાગીના બનાવવા માટે આપેલ હતા તે બાબતે બોલચાલ થયેલ હતી તે કારણે યશ અજયભાઈના સાથમાં મુકેશભાઈને ગાળો બોલેલી હતી. એવુ બનેલ નહી કે હું અને યશ, ભાર્ગવ અને માયકલ બંશી કાઠીયાવાડી હોટલે ગયેલા ત્યારે અમારી સાથે બીજા કોઈ માણસો આવેલા હોય. એવુ બનેલુ કે અમે બંશી કાઠીયાવાડી હોટલે ગયા બાદ અમે બહાર ઉભા રહેલા અને બે માણસો હોટલમાં મુકેશભાઈના કુટુંબનું ફંકશન ચાલતુ હતુ ત્યાં મુકેશભાઈને બોલાવા માટે ગયેલા. એ વાત ખરી છે કે મુકેશભાઈ અમારા બોલાવાના કારણે હોટલમાં જે મેનેજરનું કાઉન્ટર છે ત્યાં સુધી આવેલા. એ વાત ખરી છે કે મુકેશભાઈને અમારે સામાન્ય ઝપાઝપી થયેલી. એ વાત ખરી નથી કે તે જગ્યાએ મેનેજર અને મુકેશભાઈ કુટુંબના માણસોએ અમને જપાડેલા(જુદા પાડેલા). એ વાત ખરી છે કે મુકેશભાઈ હોટલમાં ફંકશન ચાલતુ હતુ ત્યાં જવા માટે નિકળેલો અને અમે ઘરે આવવા માટે નીકળેલા. એ વાત ખરી છે કે અમે પરત જતા હતા એસ.બી.આઈ.ની સામે નેમીનાથના નાકા પાસે અમારે આ તકરાર થયેલી.

(૧૪) એ વાત ખરી છે કે ગોલ્ડન ઉર્ફે મોનાર્ક ઠકકર અમારા હિન્દુ યુવા સંગઠનનો મંત્રી છે. ડીસા પો.સ્ટે.ના જે બોર્ડ છે તેના ઉપર સૌજન્યમાં ગોલ્ડન ઠકકરનું નામ લખેલ છે કે કેમ? તે બાબતે પુછતા જણાવું છુ કે હશે. એ વાત ખરી છે કે નેમીનાથ સોસાયટીના નાકા ઉપર બંન્ને બાજુ મોટા શોપિંગ સેન્ટર આવેલા છે, જે રાજદીપ અને સૌભાગ્ય જવેલર્સના નામથી ઓળખાય છે. એ વાતની મને ખબર નથી કે ત્યાં આગળ સી.સી.ટી.વી.લગાડેલા છે કેમ? એવુ બનેલુ નહી કે મારા ભત્રીજા યશે ફોન કરીને ઝઘડો કરવાનું જણાવેલુ હોય. એવુ બનેલુ નહી કે હું ગોલ્ડન ઠકકર આશિષ પ્રજાપતિ બીજા માણસો સાથે બંશી કાઠીયાવાડી હોટલ ગયેલા હોઈએ. એવુ બનેલુ નહી કે ઉપર લખેલ નામવાળા માણસો અમે પરત આવતા હોય અને બનાવ બનેલ હોય તેવુ બનેલ

સાહેદની સહી ........................

નથી. આવી કોઈ હકીકત મે પોલીસને કયારે જણાવેલ નથી. એ વાત ખરી નથી કે હું કહુ છુ તે પ્રમાણેનો કોઈ બનાવ હું કહુ છુ તે જગ્યાએ બનવા પામેલ નથી. આ બનાવ મારા કથન પ્રમાણે જાહેર રોડ પર બનેલો હતો.

**વિશેષ ઉલટતપાસ નથી,**

**આરોપીનં.૮ તર્ફે વિ.વ.શ્રી.પી.એલ.શર્મા..**

(૧૫) એ વાત ખરી નથી કે મે મારી ફરીયાદમાં કે મારા જવાબમાં ભોમેન્દનું નામ જણાવેલ નથી. એ વાત ખરી નથી કે બનાવ બન્યા સાત થી દશ દિવસ સુધી બેભાન અવસ્થામાં હતો. સાહેદ જણાવે છે કે સાવ બેભાન અવસ્થામાં ન હતો.

**આરોપીનં.૯ તર્ફે વિ.વ.શ્રી.ડી.આઈ.કોન્ટ્રાકટર..**

**ઉપરની જુબાની એડોપ કરેલ છે.**

**વિશેષ ઉલટતપાસ નથી,**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૪/૦૮/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી ........................